કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ તાલીમ અને પરીક્ષાની કામગીરી ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને બદલે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને સોંપવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૧/૦૩/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ. નો તા. ૩૦/૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૨) સા.વ.વિ. નો તારીખ ૧૬/૧૦/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક :પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સા.વ.વિ. નો તારીખ ૧૯/૧/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક

(૪) ટેકનિકલ પરીક્ષા બોર્ડના તા.૨૮/૧૦/૨૦૧૩ ના પરિપત્ર **ક્રમાંકઃ** ટીઇબી/૨૦૧૩/સીસીસી પરીક્ષા/ધ-૧/૪૧

આમુખ:

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના ઠરાવથી કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ તાલીમ અને પરીક્ષાની કામગીરી સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ તથા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગર (GCVT) હસ્તકના આઇ.ટી.આઇ. કેંદ્રોને માન્ય ગણવામાં આવેલ હતા. ત્યારબાદ સમયાંતરે કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+પરીક્ષા અને તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા. વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના ઠરાવથી કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ની પરીક્ષા માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા અને આઇ.ટી.આઇ. ઉપરાંત ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડને પરીક્ષા સંસ્થા તરીકે માન્ય ગણવામાં આવેલ હતા.

શિક્ષણ વિભાગ દ્વારા ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તમામ કર્મચારીઓને ફાજલ કરવા બાબતે તથા નાણાં વિભાગની સૂચના અનુસાર સદરહુ તમામ કર્મચારીઓ અન્ય ખાતાઓમાં પ્રતિનિયુક્ત કરાતાં હવે ટેકનિકલ પરીક્ષા બોર્ડ,ગાંધીનગર પાસે **મહેકમ** નથી. આથી, વંચાણે લીધેલ ક્રમ-૪ ઉપરના ટેકનિકલ પરીક્ષા બોર્ડના પરિપત્રથી

CCC/CCC+ ની પરીક્ષાનું આયોજન સરકારી પોલિટેકનિકો અને સરકારી ઇજનેરી કોલેજો ખાતે બંધ કરવામાં આવેલ છે. આથી, ટેકનિકલ પરીક્ષા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતી CCC/CCC+ તાલીમ અને પરીક્ષા અંગેની કામગીરી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમ-૨ ઉપરના ઠરાવનાં પારા-૪માં કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ની પરીક્ષા માટે "સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ, આઇ.ટી.આઇ. ઉપરાંત ટેકનિકલ પરીક્ષા બોર્ડ પરીક્ષા સંસ્થા તરીકે રહેશે તેવી જોગવાઇ છે. કાળજી પૂર્વકની વિચારણાના અંતે "ટેકનિકલ પરીક્ષા બોર્ડ" ના બદલે હવે CCC/CCC+ ની પરીક્ષા માટે "ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(GTU)" પરીક્ષા સંસ્થા તરીકે રહેશે અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ સરકારી પોલિટેકનિક અને સરકારી ઇજનેરી કોલેજો ખાતે CCC/CCC+ની તાલીમ અને પરીક્ષાની આયોજન કરવાનું રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-૨ સામેના ઠરાવની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે.પટેલ)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
સરકારના ઉપસચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
- સચિવશ્રી, ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિશ્વકર્મા સરકારી ઇજનેરી કોલેજ કેમ્પસ, ચાંદખેડા, અમદાવાદ.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
- રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
- એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.
- પત્ર દ્વારા.